RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે દૈનિક

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૩ ● અંક: ૨૫૮● તારીખ: ૨૧-૧૨-૨૦૨૪,શનિવાર● પાના : ૪ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://abdailynews.com

# પતિ સારું કમાતો હોય તો ભરણ પોષણ ભથ્થું વધારે ન માંગી શકાય: સુપ્રીમ કોર્ટની ટકોર



સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે મહિલાઓના કલ્યાણ માટે બનેલા કાયદાનો દુરુપયોગ તેમના પતિને હેરાન કરવા, ધમકાવવા અથવા પૈસા પડાવવા માટે થવો જોઈએ નહીં. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભરણ પોષણનો અર્થ ભૂતપૂર્વ જીવન સાથીઓની નાણાકીય સ્થિતિને સમાન બનાવવા માટે નથી, પરંતુ આશ્રિત મહિલાને જીવનધોરણનું વાજબી ધોરણ પૂરું પાડવા માટે છે.કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ભૂતપૂર્વ પતિ તેની વર્તમાન નાણાકીય પરિસ્થિતિના આધારે તેની ભૂતપૂર્વ પત્નીને અનિશ્ચિત સમય સુધી ભરણ પોષણ આપવા માટે બંધાયેલા ન હોઈ શકે. તેણે એમ પણ કહ્યું કે હિંદુ લગ્નને એક પવિત્ર સંસ્થા માનવામાં આવે છે, કુટુંબનો પાયો છે, કોઈ બિઝનેસ નથી.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને પંકજ મીઠાની બેન્ચે જણાવ્યું હતું કે, ‘મહિલાઓએ સાવચેત રહેવાની જરૂર છે કે તેમના હાથમાં કાયદાની આ કડક જોગવાઈઓ તેમના કલ્યાણ માટે ફાયદા કારક છે અને તેમના પતિઓને સજા કરવા, ધમકાવવા અથવા ડરાવવા માટે કે પૈસા પડાવવા માટે નથી.‘

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ કેસની સુનાવણી દરમિયાન પત્ની દ્વારા તેના પતિની રૂ. ૫૦૦૦ કરોડની મિલકતમાંથી ભરણ પોષણ તરીકે મોટી રકમની માંગણી સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. આ કેસમાં એક અરજી સામેલ હતી જેમાં એક પત્નીએ છૂટાછેડા પછી તેના પતિ પાસેથી મોટી રકમની માંગણી કરી હતી, ખાસ કરીને જ્યારે પતિએ તેની પ્રથમ પત્નીને ૫૦૦ કરોડ રૂપિયા ભરણપોષણ તરીકે આપી દીધા હતા. આ મામલો એટલો જટિલ હતો કે સુપ્રીમ કોર્ટના મહિલા ન્યાયાધીશ જસ્ટિસ બી. વી. નાગરત્નાએ આ અંગે વિગતવાર વિચારણા કરી અને પત્નીની ભારે માંગ પર કડક ટિપ્પણી કરી હતી. જજે સ્પષ્ટ કહ્યું કે આ માગણી સંપૂર્ણ પણે કાયદાની વિરુદ્ધ છે અને આ પ્રકારનો દાવો માત્ર આર્થિક સ્થિતિના આધારે કરી શકાય નહીં. કોર્ટે પત્નીના દાવાને ફગાવી દીધો અને તેને માત્ર ૧૨ કરોડ રૂપિયા ભરણ પોષણ તરીકે ચૂકવવાનો આદેશ આપ્યો.

આ મામલો એક મહિલાની અરજી સાથે સંબંધિત હતો, જેમાં તેણે તેના પતિની ૫,૦૦૦ કરોડની સંપત્તિમાંથી ભરણ પોષણ ભથ્થામાં હિસ્સો માંગ્યો હતો. પહેલી પત્નીથી અલગ થયા પછી તેણે ભરણ પોષણ માટે રૂ. ૫૦૦ કરોડ ચૂકવ્યા હતા. આ અરજી બાબતે કોર્ટે જવાબ આપ્યો હતો કે, ‘અહીં માત્ર પ્રતિવાદી-પતિની આવક જ નહીં, પરંતુ અરજદાર-પત્નીની આવક, વાજબી જરૂરિયાતો, તેના રહેણાંક અધિકારો અને અન્ય સમાન પરિબળોને પણ ધ્યાનમાં લેવા જોઈએ.‘ આ મામલે જસ્ટિસ બી. વી. નાગરત્નાએ જણાવ્યું કે, ‘આ પ્રકારના દાવાને સંપૂર્ણપણે ગેરબંધારણીય અને અયોગ્ય ગણાવતા કહ્યું કે ભરણ પોષણનો કાયદો પત્નીના સન્માન અને ભરણ પોષણ માટે છે, પરંતુ તે માત્ર વૈવાહિક જીવનમાં તેની સ્થિતિને ધ્યાનમાં રાખીને જ થવો જોઈએ અને પતિની વર્તમાન સંપત્તિ અને આવકના આધારે નહીં.

## જયપુરમાં LPG ટેન્કરમાં બ્લાસ્ટ, ૧૧ જીવતા ભૂંજાયા:૪૦ વાહનોમાં આગ લાગી, ૩૩ લોકો દાઝ્યા



જયપુરમાં અજમેર હાઈવે પર દિલ્હી પબ્લિક સ્કૂલની સામે એલપીજી ગેસથી ભરેલા ટેન્કરમાં વિસ્ફોટ થયો હતો. આ અકસ્માતમાં ૧૧ લોકો જીવતા ભૂંજાયા અને ૩૩ લોકો દાઝી ગયા હતા. ટેન્કરને ટ્રકે ટક્કર મારી હતી. ટેન્કરમાંથી બહાર આવ્યા બાદ ગેસ ૨૦૦ મીટર સુધી ફેલાઈ ગયો હતો અને અચાનક આગ લાગી હતી. આ સાથે સમગ્ર વિસ્તાર આગનો ગોળો બની ગયો હતો મળતી માહિતી મુજબ, ટેન્કર સવારના સુમારે અજમેરથી જયપુર તરફ આવી રહ્યું હતું. સવારે લગભગ ૫.૪૪ વાગ્યે, તે દિલ્હી પબ્લિક સ્કૂલની સામેથી અજમેર તરફ યુ-ટર્ન લઈ રહ્યો હતો. દરમિયાન જયપુર તરફથી આવી રહેલી ટ્રકે ટેન્કર સાથે ટક્કર મારી હતી.આ અકસ્માતમાં ૪૦થી વધુ વાહનોમાં આગ લાગી હતી. અનેક વાહનો એવા હતા જેમાંથી લોકોને બહાર નીકળવાની તક મળી ન હતી. ટેન્કરની પાછળ દોડતી સ્લીપર બસ અને હાઈવેની બાજુમાં આવેલી પાઈપ ફેક્ટરી પણ બળી ગઈ હતી. વિસ્ફોટ અને આગના કારણે હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. દુર્ઘટના સ્થળે ગેસ ફેલાઈ જવાને કારણે બચાવમાં ઘણી મુશ્કેલી પડી હતી.

## મુડેટી વેદ શાળાના ઋષિ કુમારો શાસ્ત્રીય સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવી ઝળક્યા



સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં મુડેટી ગામમાં આવેલ વેદ સંસ્કૃત પાઠ શાળાના ઋષિકુમારોએ "દેવભૂમિ" દ્વારકા ખાતે આવેલ શંકરાચાર્ય ગુરુકુલમ ખાતે યોજાયેલ ૩૩મી ‘‘રાજ્ય સ્તરીય’’ શાસ્ત્રીય સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં રામાયણ, સાંખ્યયોગભાષણ,વ્યાકરણશલાકા,કાવ્યશલાકા,ઉપનિષદકંઠપાઠ, મીમાંસાકંઠપાઠ આદી કુલ-૩૬ જેટલી સ્પર્ધાઓના આયોજનમાં રાજ્ય ભરની ૪૦થી વધુ સંસ્કૃત પાઠ શાળાના કુલ ૭૦૦ જેટલા ઋષિકુમારોએ ભાગ લીધો હતો જેમાં મુડેટી પાઠ શાળાના બે ઋષિકુમારો રાજ ગૌસ્વામી અને ભારથ રાવલે "શાસ્ત્રીય સ્ફુર્તિ સ્પર્ધા’’ (શાસ્ત્રાર્થ)માં ત્રીજો નંબર મેળવી અને ઉક્ત સંસ્થાનું નામ રોશન કરેલ છે.જે બદલ સંસ્થા વતી બન્ને ઋષિકુમારોનું સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા.-ધ્રુવભાઈ

## સુરત પાલિકાના ડ્રેનેજના કોન્ટ્રાક્ટરે ઘર દીઠ રૂ. ૩૫૦૦ ઉઘરાવ્યા

સુરત પાલિકામાં અત્યારસુધી પાલિકાના કર્મચારી કે કોર્પોરેટરો જ લોકો પાસે પૈસા ઉઘરાવતા હોવાની ફરિયાદ થઈ હતી. પરંતુ આજે વરાછા ઝોનમાં પાલિકાના ડ્રેનેજના કોન્ટ્રાક્ટર દ્વારા પૈસા ઉઘરાવ્યા હોવાની ગંભીર ફરિયાદ બહાર આવી છે. વરાછા ઝોનમાં એક રહેણાંક સોસાયટી પાસે કોન્ટ્રાક્ટર ૩૫૦૦ રૂપિયા સુધીના પૈસા ઘર દીઠ ઉઘરાવ્યા હોવાની ફરિયાદ થઈ હતી.પાલિકાના વિપક્ષી કોર્પોરેટર સ્થળ પર ગયાં હતા અને કોન્ટ્રાકટરને બોલાવીને લોકો પાસે ઉઘરાવેલા પૈસા પરત આપવા માટે અલ્ટીમેટમ આપ્યું છે અને બીજી વાર આવું થશે તો ગંભીર પરિણામ ભોગવવાની ચીમકી આપી છે. જોકે, કોન્ટ્રાક્ટર દ્વારા આવી રીતે પૈસા ઉઘરાવાતા હોવાની ગંભીર ફરિયાદ બાજ તંત્ર પણ ચોંકી ગયું છે.પાલિકાના વરાછા ઝોન વિસ્તારમાં આવેલ રૂપાલી સોસાયટીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજની લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન કોન્ટ્રાકટર દ્વારા ઘર દીઠ ૨૫૦૦થી ૩૫૦૦ રૂપિયાની ઉઘરાણી કરવામાં આવી હોવાની ફરિયાદ થઈ હતી.

## કચ્છના રાપર નજીકથી ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપાયો




કચ્છના રાપર વિસ્તારમાં આવેલ જેસડા થી રવ તરફ જતાં માર્ગ ઉપર થી પ્રોહિબિશન વૉચ દરમ્યાન બાતમીના આધારે કુલ રૂ.૮.૨૯.૪૪૦ નો ઈંગ્લિશ દારૂ,પીક-અપ ડાલુ કિ.રૂ.બે લાખ મળી કુલ રૂ.૧૦.૪૯.૪૪૦ના મુદ્દામાલ સાથે ચાર ઈસમોમાં યશપાલ બાબુભા જાડેજા,લાકડીયા આનંદ બાલાજી,ડાલાનો ચાલક,દારૂ મંગાવનાર વનરાજસિંહ દિલુસિંહ જાડેજા વિરૂદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી રાપર પોલીસે હાથ ધરી છે.- સુરેશ ચૌહાણ

## લગનમાં ’પૈસા ઉડાવનારાઓ’ પર ઈનકમ ટેક્સ વિભાગની ચાંપતી નજર! જયપુરથી દરોડાની શરૂઆત



ભારતીયો લગ્નની સિઝનમાં ધૂમ ખર્ચો કરે છે. પરંતુ ખર્ચા કરતી વખતે ધ્યાન રાખજો, નહીં તો વધુ પડતા ખર્ચના બદલામાં ઈનકમ ટેક્સ વિભાગના સકંજામાં ફસાઈ શકો છો. ભારતીયો લગ્ન માટે પોતાની જીવનભરની મૂડી ખર્ચી નાખે છે. ઘણા લગ્નોમાં બોલિવૂડ સ્ટારથી માંડી પ્રસિદ્ધ કલાકાર, ડેસ્ટિનેશન વેડિંગ સહિતના આયોજનો થાય છે. ઈનકમ ટેક્સ વિભાગ પણ આવા લેવિશ લકઝરી લગ્નો પર ચાંપતી નજર રાખે છે. હાલમાં જ જયપુરમાં આશરે ૨૦ ટોપ વેડિંગ પ્લાનર્સના ત્યાં આઈટીના દરોડા પડ્યા હતાં.ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટની માહિતી અનુસાર, છેલ્લા એક વર્ષમાં દેશમાં લગ્નના આયોજન પાછળ ૭૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેનો કોઈ હિસાબ નથી. વાસ્તવમાં દેશના અમીર લોકો ભવ્ય લગ્નો કરે છે. જેનો ફાયદો કૌભાંડીઓ અને કરચોરી કરનારાઓ પણ ઉઠાવીને પોતાના કાળા નાણાંને સફેદ કરી રહ્યા છે. લગ્નો પર ખર્ચ કરવામાં આવતાં ૫૦ થી ૬૦ ટકા ખર્ચ વેડિંગ પ્લાનર્સ દ્વારા થતાં હોવાની જાણ થતાં આઈટી દરોડામાં મુખ્યત્વે વેડિંગ પ્લાનર્સ પર નજર રાખવામાં આવી રહી છે.સૂત્રોએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં વિદેશમાં યોજાયેલા લગ્નોમાં ખર્ચવામાં આવેલા નાણાંની પણ તપાસ કરવામાં આવશે. આ લગ્નોમાં મહેમાનો અને સ્ટાર્સને ચાર્ટર્ડ પ્લેનમાં વિદેશ લઈ જવામાં આવે છે. ટેક્સ વિભાગ સત્તાવાર રીતે મહેમાનોની સંખ્યા અને ઈવેન્ટની શૈલી સાથે ખર્ચવામાં આવેલી રકમની તુલના કરશે. આ અંગે કેટરિંગ કંપનીઓની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. આવકવેરા કાયદા હેઠળ, વિભાગને ન સમજાય તેવા ખર્ચની તપાસ કરવાનો અધિકાર છે. લોકો ક્યારેક મોટા લગ્નોમાં ખર્ચવામાં આવેલા પૈસાનો રેકોર્ડ રાખતા નથી.વિદેશમાં લગ્ન સમયે ઘણા મોટા બિઝનેસમેન ટેક્સ અને હ્લઈસ્છનું ઉલ્લંઘન કરી રહ્યા છે. વિદેશમાં ટ્રાન્સફર કરાયેલા નાણાં રિઝર્વ બેન્કની લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ ની મર્યાદા કરતાં વધી જાય, તો વિદેશમાં થતા આવા લગ્ન પણ EDના ધ્યાન પર આવી શકે છે.

## તંત્રી લેખ..

### શેર બજારના રોકાણકારો માટે આ સપ્તાહ સૌથી વધુ નિરાશાજનક

રોકાણકારો માટે શેર બજારમાં આજે બ્લેક ફ્રાઈડેનો માહોલ રહ્યો હતો. યર એન્ડિંગ વેકેશનનો માહોલ શરૂ થવાની સાથે એફઆઈઆઈની ગેરહાજરીના પગલે ભારતીય શેર બજારમાંથી રોકાણકારોએ આ અઠવાડિયામાં રૂ. ૨૦ લાખ કરોડ ગુમાવ્યા છે સાપ્તાહિક ધોરણે સળંગ ચાર દિવસ સુધી શેર બજારમાં ભારે ઉથલ-પાથલની સાથે સેન્સેક્સ ૪૦૯૧.૫૩ પોઈન્ટ અને તેની ઓલટાઈમ હાઈ સપાટી સામે ૧૦ ટકાથી વધુ તૂટ્યો છે. આજે સેન્સેક્સ વધુ ૧૧૭૬.૪૬ પોઈન્ટ તૂટી ૭૮૦૪૧ પર બંધ રહ્યો હતો. નિફ્ટી પણ ૩૬૪.૨૦ પોઈન્ટ ગગડી ૨૩૫૮૭.૫૦ પર બંધ રહ્યો હતો. માર્કેટ બ્રેડ્થ નેગેટિવ રહી હતી. બીએસઈ ખાતે ટ્રેડેડ ૪૦૮૫ શેર્સ પૈકી ૧૦૫૮ શેર્સમાં સુધારો અને ૨૯૩૫ શેર્સમાં ઘટાડો નોંધાયો હતો. ૨૮૬ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. ૨૭૪ શેર્સમાં અપર સર્કિટ અને ૨૨૯ શેર્સ વર્ષની ટોચે પહોંચ્યા હતા.

પીએસયુ શેર્સમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. કેટલીક સરકારી કંપનીઓના શેર્સ આ સપ્તાહમાં ૧૨ ટકાથી વધુ તૂટ્યા છે. આજે બીએસઈ પીએસયુ ઈન્ડેક્સ ખાતે ટ્રેડેડ ૫૯ શેર્સ પૈકી ૫૩માં ઘટાડો નોંધાયો હતો. મઝાગોન ડોક ૬.૨૨ ટકા, આરસીએફ ૫.૮૦ ટકા, પીએફસી ૫.૫૪ ટકા સુધી તૂટ્યો હતો. અમેરિકી ડોલરમાં આકર્ષક તેજી તેમજ ફેડના હોકિશ વલણને ધ્યાનમાં લેતાં વિદેશી રોકાણકારો મોટાપાયે વેચવાલી નોંધાવી રહ્યા છે. આ સપ્તાહમાં વિદેશી રોકાણકારો એ કુલ રૂ. ૧૨૨૩૦.૨૯ કરોડની વેચવાલી નોંધાવી છે. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ અને એફઆઈઆઈની વેચ વાલીના પગલે શેરબજાર કડડભૂસ થયા છે.

# જો અનામત ઉમેદવારનું મેરીટ જનરલ કરતા વધારે હોય તો જનરલ ક્વોટા માટે હક્કદાર : સર્વોચ્ચ ન્યાયાલય

### અનામત કેટેગરીનાં ઉમેદવાર જનરલ કેટેગરીની એટલે કે બીન અનામત કેટેગરીની સીટ માટે દાવો કરી શકે છે.

આપણા ભારતનાં બંધારણનાં ભાગ-૧૬માં આર્ટીકલ-૩૩૦ થી ૩૪૨ સુધી અનુસૂચિત જાતિઓ અને આદિજાતીઓ સંબંધિત કેટલીક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં લોકસભામાં તથા રાયોની વિધાનસભાઓમાં અનુસુચિત જાતિઓ અને આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવા, બેઠકો અનામત રાખવાનું અને ખાસ પ્રતિનિધિત્વ આપવાનું ૬૦ વર્ષ પછી બંધ કરવા બાબત, સેવા અને જગ્યાઓ માટે અનુસૂચીત જાતિઓ અને આદિજાતિઓનાં દાવા જેવી વિવિધ પ્રકારની ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

તાજેતરમાં જ સર્વોચ્ચ ન્યાયલયે આવી જ એક જોગવાઈ સંબંધી એક મહત્વનો ચુકાદો આપ્યો છે, જે ચુકાદો સરકારી ભરતીઓમાં આનમત તથા બીનઅનામત જગ્યાઓની ફાળવણી તથા તેની પરીક્ષા સંબંધે થતું મેરીટને અનુલક્ષીને આપવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૦૮માં, બી.એસ.એન.એલ. દ્વારા રાજસ્થાનમાં ટેલિકોમ ટેકનીકલ આસિસ્ટન્ટની જગ્યાઓ માટે ભરતી કરાઈ હતી. અન્ય એક આનમત કેટેગરીના(ઓ.બી.સી.) ઉમેદવારે અરજી કરી હતી કે, બે ઓ.બી.સી. ઉમેદવારોનું મેરીટ સામાન્ય કેટેગરીનાં છેલ્લાં રેન્કનાં ઉમેદવાર કરતાં વધારે છે, આથી આ બંને ઉમેદવારોને જનરલ કેટેગરીમાં નિયુક્ત કરવામાં આવે, ત્યારબાદ જે જગ્યા ખાલી હોય તેને અનામત વર્ગનાં ઉમેદવારો દ્વારા ભરવામાં આવે. જેથી જોધપુરની સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ(સી.એ.ટી.)એ ઓ.બી.સી.નાં બે ઉમેદવારોનું મેરિટ સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો કરતાં વધારે હતું, તેઓને જનરલ કેટેગરીમાં નિમણૂક આપવા સાથે અનામત કેટેગરીની ખાલી જગ્યાઓને અનામત કેટેગરીનાં ઉમેદવારો સાથે ભરવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલના આ નિર્ણય સામે બી.એસ.એન.એલ. દ્વારા હાઈકોર્ટમાં રિટ પીટીશન દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેની અરજી ફગાવી દેવામાં આવતા, બી.એસ.એન. એલ. એ સર્વોચ્ચ ન્યાયાલયનાં દરવાજા ખખડાવ્યાં હતા.

સર્વોચ્ચ ન્યાયાલયે નોંધ્યું કે, કોઈપણ સીધી અનામત કેટેગરીનાં ઉમેદવારો ઓપન અથવા સામાન્ય શ્રેણીમાં પસંદ કરવા માટે હક્કદાર છે અને એવું પણ જોવામાં આવ્યું છે કે, જો અનામત શ્રેણીમાં આવા ઉમેદવારો તેમની યોગ્યતાનાં આધારે પસંદગી માટે હક્કદાર છે, તો તેમની પસંદગીને તે શ્રેણીઓ સામે ધ્યાનમાં લેવામાં આવશે, તેઓ જે સાથે સંબંધ ધરાવે છે. તેના માટે અનામત ક્વોટામાં ગણી શકાય નહિ, વધુમાં સવોચ્ચ અદાલતુ નોંધ્યું કે, અંતિમ સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો કરતાં વધુ માર્ક્સ કે ગુણ મેળવનાર અનામત કેટેગરીનાં ઉમેદવારો બિન અનામત કેટેગરીમાં સીટ/પોસ્ટ મેળવવા માટે હક્કદાર છે. ક્ષૈતિજ અનામત લાગુ કરતી વખતે પણ, મેરીટને પ્રાધાન્ય આપવું જોઈએ અને જો એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.નાં ઉમેદવારોએ ઉચ્ચ ગુણ મેળવ્યા હોય અથવા વધુ મેરીટોરીયસ હોય, તો તેમને બિનઅનામત ઉમેદવારોની બેઠકો સામે ધ્યાનમાં લેવા જોઈએ. અનામત કેટેગરીનાં ઉમેદવારનો બિનઅનામત કેટેગરીની બેઠકો માટે દાવો કરી શકે છે. જો તેમની યોગ્યતા અને મેરીટ યાદીમાં સ્થાન તેમને આમ કરવા માટે હક્કદાર બનાવે છે.

સર્વોચ્ચ અદાલતની જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ બી.વી. નાગરત્નાની ખંડપીઠે અવલોકન કર્યું કે, જ્યારે બે અનામત કેટેગરીનાં ઉમેદવારો જનરલ કેટેગરીમાં નિયુક્ત કરવામાં આવશે, તો તેની પર વિવાદ થવો જોઈએ નહિ, કે પહેલે થી કામ કરી રહેલા જનરલ કેટેગરીમાં બે વ્યક્તિઓને કાઢી મૂકવામાં આવ્યા, તેઓ લાંબા સમયથી કામ કરતા હોવાથી તેમને નોકરીમાંથી કાઢી મૂકવા જોઈએ નહિ અને અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ સામે માત્ર અનામત કેટેગરીના ઉમેદવારોની નિમણૂક કરવી જોઈએ. પસંદગી પ્રક્રિયા અસ્થિર હોઈ શકે છે. તેથી બંધારણની કલમ- ૧૪૨ હેઠળ તેની સત્તાઓનો ઉપયોગ કરીને, તેણે નિર્દેશ આપ્યો છે કે, ફેરબદલ પર, આ બે જનરલ શ્રેણીનાં ઉમેદવારોને સેવામાંથી દૂર કરવામાં આવશે નહિ, કારણ-કે તેઓ લાંબા સમયથી કામ કરી રહ્યા છે.

સર્વોચ્ચ અદાલતની જસ્ટિસ એમ.આર. શાહ અને જસ્ટિસ બી.વી. નાગરત્નાની ખંડપીઠે મહત્વનો ચૂકાદો આપતા જણાવ્યું કે, જો અનામત કેટેગરીનાં ઉમેદવારોનું મેરીટ છેલ્લાં રેન્કનાં સામાન્ય ઉમેદવાર કરતાં વધારે સારૂં હોય તો તે સામાન્ય શ્રેણીમાં સીટ મેળવવા માટે હક્કદાર છે.આપણાં ભારતીય બંધારણનો અનુચ્છેદ-૩૩૫, જે સેવાઓ અને જગ્યાઓ માટે અનુસુચિત જાતિઓ અને આદિજાતિઓના દાવા સંબંધિત છે. જેમાં જણાવ્યા મુજબ, સંઘનાં અથવા રાજયનાં કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગ્યાઓ ઉપર નિમણૂક કરતી વખતે વહિવટની કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય તે રીતે, અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓનાં સભ્યોના દાવા વિચારણામાં લેવામાં આવશે તથા સંઘ અથવા રાજયનાં કામકાજ સામે સંબંધ ધરાવતી કોઈપણ વર્ગ કે વર્ગોની જગ્યાઓ બાબતમાં અનુ. જાતિઓ અને આદિજાતિઓનાં સભ્યોની જગ્યા બઢતી માટે અનામત રાખવા તે હેઠળની પરીક્ષામાં યોગ્યતા માટેનાં ગુણોમાં છૂટછાટ મૂકવા, મૂલ્યાંકનનાં ધોરણો હળવા કરવા બાબતમાં જોગવાઈ કરવા સામે આ કલમનાં મજકૂરથી કોઈ બાધ આવતો નથી.

**કાયદાની કલમ**



લેખકઃ ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

## પીએમ-કિસાન યોજનાના લાભાર્થીઓ માટે એગ્રીસ્ટેક ફાર્મર રજીસ્ટ્રી જરૂરી

જૂનાગઢ ભારત સરકારની એગ્રી સ્ટેક ડીપીઆઈ યોજના હેઠળ ફાર્મર રજિસ્ટ્રીની કામગીરી ગ્રામ્ય લેવલે ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. જે અંતગર્ત રાજ્યના પીએમ કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ યોજનાના આગામી ૧૯માં હપ્તાનો લાભ મેળવવા ફાર્મર રજિસ્ટ્રી હેઠળ સત્વરે નોંધણી કરાવવા તેમજ નવા અરજદારોએ પી.એમ.કિસાન પોર્ટલ પર અરજી કરતા પહેલા ફાર્મર આઈ.ડી. મેળવવુ જરૂરી છે. પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓ માટે તથા નવા અરજદારો માટે મહત્વની છે.જેથી જૂનાગઢ જિલ્લાના ખેડૂત લાભાર્થીઓના હિતાર્થે વહેલી તકે ફાર્મર રજીસ્ટ્રી કરવા અનુરોધ કરવામાં આવે છે.આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવો. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવેલ છે.કિશન બહેચા

## જૂનાગઢમાં માછીમારો વહાણ - બોટની જાણકારી એજન્સીઓને આપવાની રહેશે

જૂનાગઢ જીલ્લો વિશાળ દરિયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માછીમારી માટે બોટો દરિયામાં જાય છે.જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલાં લેવા આવશ્યક જણાવતા હોય આથી હું એન.એફ.ચૌધરી જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ બીએસ્નએસની કલમ ૧૬૩ હેઠળ મને મળેલી સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલિકોએ જ્યારે પોતાનું વહાણ/બોટ માછીમારી માટે દરિયામાં જાય અને વાતાવરણીય કારણસર/ચાંચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈ પણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તે અનુસંધાને પત્રક નિભાવવાનું રહેશે જેમાં વહાણ/બોટનું નામ તથા નંબર, વહાણ/બોટ માલિકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર, રવાના થયેલ ટંડેલ/ખલાસીઓ ના નામ તથા સરનામાની વિગત, વહાણ/બોટ રવાના થયાની તારીખ સમય તથા સ્થળ, વહાણ/બોટ પરત આવવાની સંભવિત તારીખ જેવી વિગતો સાથે વહાણ/બોટ માલિકોએ સંબંધિત તમામ સરકારી એજન્સીઓને તે અંગે જાણકારી આપવાની રહેશે. આ જાહેરનામુ તાત્કાલીક અરસથી તા.૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાંના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.કિશન બહેચા

## ચણાના ઉભા પાકની ખેતીમાં ઈયળ નિયંત્રણ મુદ્દે ખેતીવાડી વિભાગના જરૂરી સૂચનો



કઠોળ એવા ચણાના ઉભા પાકની ખેતીમાં ઈયળ નિયંત્રણ મુદ્દે ખેતીવાડી વિભાગે ખેડૂતોને ઉપયોગી જરૂરી સૂચનો અને તકેદારી માટે જણાવેલ અખબારી અહેવાલમાં (૧) લીલી ઈયળના ભૌતિક નિયંત્રણ માટે પાક ઉગ્યા બાદ ૫ દિવસે હેક્ટર દીઠ ૨૦ ફેરોમેન ટ્રેપ છોડથી ૧ ફૂટ ઉંચાઈએ ગોઠવવા તથા ફેરોમેન ટ્રેપની લ્યુર દર ૨૧ દિવસે બદલવી.(૨) ખેતરમાં વીધે દીઠ એક પ્રકાશ પિંજર ગોઠવવા અથવા જ્યાં લાઇટની વ્યવસ્થા થઇ શકે ત્યાં વિદ્યુત ગોળો ગોઠવી તેની નીચે પાણી ભરેલ ટ્રે ગોઠવી જેથી રાત્રી દરમિયાન પ્રકાશ તરફ આકર્ષાયેલી કૂંદીઓ પાણીમાં પડતા નાશ પામશે.(૩) પક્ષીઓને ઈયળ શોધવામાં સરળતા રહે, તે માટે ઉભાં પાકમાં અગ્રેજી ટી આકારના પક્ષીઓને બેસવાના ટેકા હેકટરે ૪૦-૫૦ ની સંખ્યામાં છોડથી ૩ ફૂટ ઉંચાઈએ મુકવા.(૪) લીબોળીનાં મીજનું ૫ ટકા દ્રાવણ (૫૦૦ ગ્રામ મીજનો પાવડર ૧૦ લિટર પાણીમાં) નાં ૨ થી ૩ છંટકાવ કરવાથી લીલી ઈયળનું અસરકારક નિયંત્રણ મળે છે. અથવા અરડૂસીના પાનનો ૫૦૦ ગ્રામ અર્ક ૧૦ લિટર પાણીમાં ભેળવી ૨ થી ૩ છંટકાવ કરવા(૫) લીલી ઈયળના જૈવિક નિયંત્રણ માટે બેસીલસ થુરીન્જીન્સીસ ૫ ડબલ્યુપી ૨૦ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના ૧ ડબલ્યુપી ૪૦ ગ્રામ પાણીમાં ભેળવી છંટકાવ કરવો અથવા એક હેક્ટર માટે ૨૫૦ રોગીષ્ટ ઈયળનું દ્રાવણ (એન.પી.વી.) બનાવી ૫૦૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવો.તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવેલ છે.કિશન બહેચા



**બાબુલાલ એસ. પટેલ, MO: 9427685044**

"એ મન,વિચારને વ્યકત નહીં કરી શકુંએમ ના માન,

અરે એક શબ્દ પણ છોડી દઉં તો કહેજે મને.

અને વિચાર, હું થાકવાનો નથી તારાથી, તું થાકી જાયતો કહેજે મને.

દિવસ ટૂંકો પડી શકે,પણ રાત ટૂંકી પડે તો કહેજે મને.

રાત ટૂંકી અને વેશ ઝાઝા થઈ જાય તો કહેજે મને.

વિચાર ટૂંકો પડી જાય,પણ વિચારવું ટૂંકું થઈ જાય તો કહેજે મને.

આ જગને જીરવવું ટૂંકું થઈ જાય, પણ જગ ટૂંકું થઈ જાય તો કહેજે મને.

"અલખ"કયારેક અઘરો થઈ જાય, પણ વ્યકત ના થઈ જાય તો કહેજે મને."

શ્રી બી. એસ. પટેલ" અલખ"

"જો કોઈ વ્યક્તિ ભૂતકાળને ઓળખે છે, વર્તમાનને ને ધ્યાન મા રાખી અને ભવિષ્યમાં શું થશે એના સમીકરણ વર્તમાનમાં જ વિચારી શકે છે.. એવી વ્યક્તિને ત્રિકાળજ્ઞાની કહીશકાય."આપણું કામ, આપણું વાતાવરણ,

## મેનેજિંગ તંત્રી અખંડ ભારત દૈનિક ન્યુઝ ગાંધીનગર.ગુજરાત.

# ગાંડપણ અને ડહાપણ વચ્ચેનો ભેદ પણ વિચારોની વૃત્તિ પર આધાર રાખે છે

આપણી આસપાસ બનતી ઘટનાઓ, આપણને થતા અનુભવો અને આપણી માનસિકતા, આપણને અમુક વિચારો કરવા મજબૂર કરે છે. આપણે ઘટનાઓને આપણા વિચારોથી જોખીએ છીએ, પછી અનુમાનો બાંધીએ છીએ. એ ઘટનાને સારી કે નરસીનું લેબલ મારીએ છીએ. હું હોવ તો આવું કરું અથવા આવું ન કરું, એવો પણ વિચાર કરીએ છીએ.

મિત્રો,વિચારશક્તિનો સદુપયોગ કરી શકાય, તેના માટે આપણે આપણા વિચારતંત્રનું ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ અને એ જોવું જોઈએ કે ક્યાંય નિષ્પ્રયોજન,નિરર્થક તથા અસંબધ અને અસ્તવ્યસ્ત વિચારવાની આદત તો નથી પડી ગઈ ને ? જો એવું કંઈ પણ હોય, તો તે બરબાદીને રોકવા માટે સક્રિય પગલાં ભરવા જોઈએ. જીવન સાથે જોડાયેલી અસંખ્ય દિશાઓ અને સમસ્યાઓ નજર સામે હોય છે. તેના પર ક્રમબદ્ધ રૂપે વિચારવામાં આવે અને કોઈ ઉપયોગી નિષ્કર્ષ પર પહોંચવા માટે તર્ક, તથ્ય અને પ્રમાણોના પક્ષ-વિપક્ષ સામે રાખી શકીશું,જેનો અમલ કરીને વર્તમાન સ્થિતિમાં સુધારો કરવાનું સંભવ બની શકે.

વિચાર વિનાની દુનિયામાં જીવન હોઈ શકે નહીં. વિચારોમાં એવી લાગણીઓ હોય છે જે ગતિમાં સ્પંદનશીલ જીવનશક્તિ ઉર્જા છે. સ્પંદનો જીવન માટે શ્વાસ લેવા જેટલા જ મહત્વપૂર્ણ છે. તેઓ ઈલેક્ટ્રિક આવેગ તરીકે આવે છે અને જાય છે જે લોહીના પ્રવાહમાં હોર્મોન્સ છોડે છે જે અંગોને અસર કરે છે."વિચારો વિનાનું વિશ્વ આપણા વર્તમાન અનુભવથી ઘણું અલગ હોય છે. વિચારો વિના, કોઈ આત્મ-જાગૃતિ અથવા આત્મનિરીક્ષણ થઈ શકે નહીં.તેમજ વ્યક્તિઓ તેમના અસ્તિત્વ, લાગણીઓ અથવા અનુભવોનો વિચાર કરશે નહીં.વ્યક્તિગત ઓળખ ઘણીવાર વિચારો અને માન્યતાઓ દ્વારા ઘડવામાં આવે છે.

વિચારો વિનાનું વિશ્વ વ્યક્તિગત ભેદભાવ વિના સામૂહિક અસ્તિત્વ તરફ દોરી શકે છે.

કેટલીક વાર વિચારો માત્ર બિન-મૌખિક સંકેતો પર આધાર રાખે છે, જેમ કે શરીરની ભાષા અને ચહેરાના હાવભાવ, જોકે આવી ભાષા આપણે જાણીએ છીએ, જે વિચાર અને વિભાવના પર બનેલી છે, તે અસ્તિત્વમાં નથી.એ માત્ર મર્યાદિત અભિવ્યક્તિ છે. માનવ અભિવ્યક્તિ અને સર્જનાત્મકતાની ઊંડાઈ ગંભીર રીતે મર્યાદિત હોય તેવું પણ નથી.કલા, સાહિત્ય અને સંગીત, જે ઘણીવાર જટિલ વિચારો અને લાગણીઓ પણ વ્યક્ત કરે છે.

વિચારો વિનાના નિર્ણયો તર્કબદ્ધ ચુકાદાને બદલે વૃત્તિ પર આધારિત હશે. આ જટિલ સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓને બદલે અસ્તિત્વ પર ધ્યાન કેન્દ્રિત કરીને વધુ પ્રાથમિક વર્તન તરફ દોરી શકે છે.

વિચારો નો અભાવ હશે તો ભવિષ્ય માટે આયોજન કરવાની, ધ્યેયો નક્કી કરવાની અને લાંબા ગાળાની વ્યૂહરચનાઓને અમલમાં મૂકવાની ક્ષમતા ગેરહાજર હશે.

વિચાર શક્તિ થી બૌદ્ધિક અથવા ભાવનાત્મક જોડાણોને ,શારીરિક શક્તિ અથવા તાત્કાલિક જરૂરિયાતો પર આધારિત સામાજિકતા સાથે સહજ સ્તરે કાર્ય કરી શકે છે.

જટિલ વિચાર પ્રક્રિયાઓ, સહાનુભૂતિ અને અન્ય લોકોના પરિપ્રેક્ષ્યને સમજવાની જરૂર હોય તેવા સહયોગી પ્રયાસોથી ન હોય તો પડકારરૂપ હશે.

જ્યારે કેટલીક મૂળભૂત લાગણીઓ હજી પણ અસ્તિત્વમાં હોઈ શકે છે, ત્યારે લાગણીઓની સૂક્ષ્મ સમજ અને અભિવ્યક્તિ ઓછી થઈ જશે. ભાવનાત્મક અનુભવો સંભવતઃ વધુ વિસેરલ અને ઓછા સ્પષ્ટ હશે.

નૈતિક વિચારણાઓ અને નૈતિક દુવિધાઓ માટે વિચારની જરૂર છે. તેમના વિના, સાચા અને ખોટાની વિભાવનાઓ માનવ નૈતિકતાની જટિલતાનો અભાવ ધરાવતા, સંપૂર્ણ રીતે સહજ હોઈ શકે છે.

વિચાર વિના તો જ્ઞાન, વિજ્ઞાન, ફિલસૂફી અને અમૂર્ત ખ્યાલોની શોધખોળ ગેરહાજર હશે, બ્રહ્માંડ અને તેમાં આપણું સ્થાન સમજવું શ્રેષ્ઠ રીતે પ્રાથમિક હશે,

તકનીકી પ્રગતિ અને નવીનતાઓ જે સર્જનાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણથી ઉદ્ભવે છે તે વર્ચ્યુઅલ રીતે અશક્ય હશે.

વિચારો વિનાનું વિશ્વ માનવ અનુભવની સમૃદ્ધિથી વંચિત એક સંપૂર્ણ, વૃત્તિ-સંચાલિત અસ્તિત્વ હશે. તેમાં સંબંધો, સંસ્કૃતિ અને બૌદ્ધિક શોધની જટિલતાઓનો અભાવ હશે કે જે આજે માનવતાને વ્યાખ્યાયિત કરે છે. તેના બદલે, તે અસ્તિત્વની વધુ પ્રાથમિક સ્થિતિને પ્રતિબિંબિત કરશે, વિચાર અને સર્જનાત્મકતા દ્વારા વિકાસ કરવાને બદલે તાત્કાલિક અસ્તિત્વ પર ધ્યાન કેન્દ્રિત કરશે."

વિચારોથી ભરેલી આ જિંદગી ઉપર શક કરવા માટે પણ વિચારો જ કામ લાગે છે. જો કે શક કરવો એ પણ રોગ છે એવું જાણવા છતાં વિચાર થઈજ જતો હોય છે..... રામે.. રામ. મેનેજિંગ એડિટરશ્રી અખંડ ભારત દૈનિક ગાંધીનગર, ગુજરાત.

## સાબરકાંઠા સાંસદની કેન્દ્રીય મંત્રી સાથે શુભેચ્છા મુલાકાત




સાબરકાંઠા -અરવલ્લી સાંસદ શોભનાબેન બારૈયાના દિલ્હી પ્રવાસ દરમ્યાન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના નિવાસ સ્થાને પરિવાર સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. - હિતેશ શાહ

# સાબરકાંઠામાં પડતર પ્રશ્નોના નિકાલ માટે સમીક્ષા બેઠક યોજાઈ






સાબરકાંઠા જિલ્લાના પ્રભારી અને ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ પ્રસંગે મંત્રી બલવંતસિંહ રાજપૂતે જિલ્લાના વિકાસના કામો મંજૂર થયાં છે તે પ્રજાલક્ષી વિકાસ કામો ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું. વિકાસના કામો ઝડપથી પૂર્ણ થાય અને લોકોની સુખાકારીમાં વધારો થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો.આ બેઠકમાં ટ્રાફિક, એસટી ડેપો, જમીન માપણી, ઓવર બ્રિજ, ગટર લાઈન, સ્વચ્છતા સહિત વિવિધ મુદ્દાઓ ઉપરાંત નગરપાલિકાઓના વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી.આ ઉપરાંત વિવિધ યોજનાના લાભાર્થીઓ લાભથી વંચિત ન રહે અને ઝડપથી લાભ મળે તે અંગે જણાવ્યું હતું.આ બેઠકમાં જિલ્લાના અધિકારીઓએ વિકાસના કામો કયા સ્ટેજે છે અને કેટલી પ્રગતિ થઈ તેનો રિપોર્ટ પ્રભારી મંત્રી સમક્ષ રજૂ કર્યો હતા.જે મળેલી બેઠકમાં

હિંમતનગર ધારાસભ્ય,ઈડર ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર ડૉ. રતન કંવર ગઢવી ચારણ, જિલ્લા પોલીસ વડા વિજય પટેલ, ઈ.ચા જિલ્લા વિકાસ અધિકારી પાટીદાર, નિવાસી અધિક કલેકટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા, અગ્રણી કનુભાઈ પટેલ, અગ્રણી વિજય પંડ્યા સહિત વિવિધ અમલીકરણ અધિકારીઓ હાજરી આપી હતી.હિતેશ શાહ

# ભરૂચ ખાતે કેન્ડલ માર્ચ યોજાઈ




ઝઘડિયા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ૯ વર્ષની માસૂમ બાળકી પર થયેલ પાશવી બળાત્કારના નરાધમ આરોપીને ન્યાયતંત્ર થકી વહેલી તકે ફાંસીની સજા મળે તે માટે ગુરુવારે સાંજના સમયે ભરૂચના રેલવે સ્ટેશન સર્કલ ખાતે આવેલ ડૉ.બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુ પાસે કાર્યક્રમ આયોજીત કરવામાં આવતા યુવક,યુવતીઓ,વડીલો મોટી સંખ્યામાં સૂચક બેનરો સાથે એકત્ર થઈ બળાત્કારીને ફાંસીની સજા આપવામાં આવે તેવી માંગ કરી હતી.આ તબક્કે સામાજિક કાર્યકર્તા મિતેષભાઈ પઢિયાર તથા આબિદબેગ મિર્ઝા,૨૨ લોકસભા ના અપક્ષ ઉમેદવાર હાજર રહી માસૂમ બાળકીને યોગ્ય ન્યાય મળે તે માટે તંત્ર અને સરકાર ને અપીલ કરી હતી-પરેશ પ્રજાપતિ

# રાજ્યનું દેવું ૨૩ વર્ષમાં ૨૩.૮૬%થી ઘટીને ૨૦૨૩-૨૪માં ૧૫.૩૪% થયું



રાજ્યના વિરોધ પક્ષ દ્વારા જાહેર દેવાને મુદ્દો બનાવવામાં આવે છે ત્યારે રાજ્ય સરકારે રાજ્યનું જાહેર દેવું ઘટ્યું હોવાની સત્તાવાર જાહેરાત કરી છે. રાજ્ય સરકારે રાજ્ય વિત્તીય ખાદ્ય નિયંત્રિત કરવામાં સફળ રહીં હોવાનો દાવો કરીને જીડીપીના ૩ ટકાની મર્યાદા સામે વર્ષ ૨૦૨૪-૨૫માં માત્ર ૧.૮૬ ટકા અંદાજવામાં આવી છે. જયારે જાહેર દેવું વર્ષ ૨૦૦૦-૨૦૦૧ જીએસડીપીના ૨૩.૮૬ ટકા હતું, જે ઉત્તરોત્તર ઘટીને વર્ષ ૨૦૨૩-૨૪માં સુધારેલા અંદાજ પ્રમાણે ૧૫.૩૪ ટકા થઇ ગયું છે તેવી જાહેરાત નાણા અને ઉર્જા મંત્રી કનુ દેસાઇ એ કરી છે.

ગુજરાત નાણાંકીય જવાબદારી અધનિયમ ૨૦૦૫ પ્રમાણે રાજયવિત્તીય ખાદ્યનું પ્રમાણ રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનના ૩ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે. નાણામંત્રીએ કહ્યું હતું કે,ગુજરાતે અસરકારક રાજવિત્તીય વ્યવસ્થાપન દ્વારા રાજયવિત્તીય ખાદ્યને નિયંત્રિત રાખી શકયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજયવિત્તીય ખાદ્ય માત્ર ૧.૮૬ ટકા અંદાજવામાં આવી છે. સરકારના સત્તાવાર સુત્રોની જાહેરાત પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા ઉંચો વૃધ્ધિદર હાંસલ કરવા માટે મૂડી ખર્ચમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતું જાહેર દેવું રાજયના વિકાસને વધુ વેગવંતુ બનાવવા તેમજ મૂડી ખર્ચ કરવા માટે ઉપયોગ કરાય છે.

# દાદરા નગર હવેલી ખાતે વન અધિકાર પરીષદ યોજાઈ




દાદરા નગર હવેલી ખાતે તાજેતરમાં જ આદિવાસી જંગલ જમીન આંદોલનનાં કાર્યકર્તા મિતેશ તુમ્બદા,રામદાસ દળવી,દિલીપ ગાવિત,બરાક ગાવિત,લક્ષી કુંવરા,ધનજી વાંગડ,સરપંચશ્રીઓ, જિલ્લા પંચાયત અને નગર પાલિકા ના સભ્યશ્રીઓની અને આદિવાસી સમાજના અગ્રણીઓ તથા ૨૦ જેટલાં ગામના આદવાસી ભાઈઓ બહેનોની મોટી સંખ્યામાં લોકોએ સામુંહિક વન અધિકાર પરિષદ ને ફતેસિંગ વસાવા, માલવકર, વિનોદ ભવર, બ્રાયન લોબો,મિતેશ તુમ્બડા, પ્રભુ ટોકિયા,અજિત મહાલા, દીપક ભુસારાએ વન અધિકાર અધિનિયમ કાયદો અને એમાં સામૂહિક હક માટેનું અધિકાર અમલીકરણની કામગીરી માટે પરિષદમાં માર્ગદર્શન અને અમલીકરણમાં પડતી મુશ્કેલી જન જાગૃતિ લાવવા અને દાદરા અને નગર હવેલી માં આજ દિન સુધી વન અધિકાર કાયદા હેઠળ એક પણ દાવો મંજુર ન હોવા પર ગંભીરતા લઈ પરિષદમાં ભવિષ્યની સામુદાયિક હક અધિકાર માટે બાકી રહેલ દાવાઓની રૂપરેખા માટની ચર્ચા કરવામાં આવી હતી.

ફતેસિંહ વસાવા

# ગોંડલ માર્કેટયાર્ડ ડુંગળીની મબલખ આવકથી છલકાયું



સૌરાષ્ટ્રનું માર્કેટીગ યાર્ડમાં આગવી ઓળખ ધરાવતું ગોંડલ માર્કેટયાર્ડ મુખ્યત્વરે માંડવી,મરચા,ડુંગળીના વેચાણ માટે ખ્યાતિ પ્રાપ્ત છે.હાલમાં ડુંગળીની સિઝન ચાલી રહી હોઈ ખેત સિમાડામાં ઉત્પન્ન થયેલ ડુંગળીની ઉપજ માર્કેટાયાર્ડ ખાતે વેચાણ અર્થે આવતા પ્રતિદિન ડુંગળીની આવકમાં નોધપાત્ર વધારો થતાં ગોંડલ માર્કેટયાર્ડ ડુંગળીના કટ્ટાની મબલખ આવક થી છલકાઈ ગયું છે.અતિશય આવકને કારણે યાર્ડ કેમ્પસ છલોછલ છલકાઈ જતાં હાલ પુરતી ખરીદી યાર્ડ દ્વારા બંધ કરી દેવામાં આવતા ચોમાસુ ડુંગળી ચાર થી પાંચ દિવસ બાદ બગડી જતી હોઈ ખેડૂતોને પણ પોષણક્ષમ ભાવે નહી મળતા ડુંગળીનું વાવેતર કરતા ખેડૂતોમાં નિરાશા વ્યાપી ગઈ હોઈ તાત્કાલિક અસરથી ડુંગળીની ઉપજ ની ખરીદી શરૂ કરવામાં આવે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે દિશામાં યોગ્ય કરવામાં આવે તેવી સૌરાષ્ટ્ર પંથકના ડુંગળી પકવતા ખેડૂતોની માંગ ઉઠી છે.વિવેક અકબરી

# કચ્છ એલસીબીનો સપાટો, ૩.૬૬ લાખનો ઈંગ્લિશ દારૂ ઝડપાયો






કચ્છ જિલ્લા એલસીબી ટીમે બાતમીના આધારે કિ.રૂ.૩.૬૬ લાખનો ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડી પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી હાથ ધરતા ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે જિલ્લા એલસીબી પીઆઈ એન.એન.ચુડાસમા ની ટીમ બાલાસર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે ડાનાણી વાંઢ ગામ તરફ વિદેશી દારૂ ભરી સિલ્વર કલરની બોલેરો ગાડી પસાર થવાની હોવાની બાતમી મુજબના સ્થળે પ્રોહિબિશન વૉચ સઘન કરી હીત.ત્યારબાદ બાતમી મુજબની ગાડી પસાર થતાં તેને થોભાવાનો પોલીસે પ્રયત્ન કર્યો હતો.પરંતુ ગાડી ચાલક ગાડીને કાનાણી વાંઢની પેટા કેનાલ પાસે દલદલ પાણીના વોકરામાં ગાડી મુડી ભાગી છૂટ્યો હતો. જ્યારે બોલેરો ગાડીનો કબ્જો લઈ તલાશી લેતા ગાડીમાંથી વિવિધ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલો,પેટીઓનો જથ્થો હાથ લાગતા જિલ્લા એલસીબી ટીમે સ્થળ પંચનામું કરી કિ.રૂ.૩.૬૬.૨૪૫ નો મુદ્દામાલ જપ્ત કરી ગાડી ચાલક નવિન રાધુભાઈ કોલી રહે.હેલીપેડ,રાપર વિરૂદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# થરાદ કેનાલ પાસેથી મોબાઈલ મળ્યો,યુવાનની શોધખોળ તેજ



બનાસકાંઠા જિલ્લાના થરાદ નજીકથી પસાર થતી કેનાલ પાસેથી એક મોબાઈલ ફોન મળી આવતા કોઈ યુવાન કેનાલમાં ઝંપલાવ્યું અથવા ગરકાવ થયો હોવાની શંકાને આધારે સ્થાનિક તંત્રએ કેનાલમાં શોધખોળ હાથ ધરી છે.થરાદ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ મોતની કેનાલ બની ગઇ છે .એકાદ દિવસ અગાઉ એક યુવકની લાશ કેનાલમાંથી મળી આવી હતી.ત્યાર બાદ આજે પુન :કેનાલ નજીકથી એક મોબાઈલ ફોન મળી આવતા કેનાલમાં કોઈએ આપઘાત માટે મોતની છલાંગ લગાવી છે કે પછી કોઈ ગરકાવ થઈ ગયું છે.જેની શોધખોળ માટે સ્થાનિક તંત્રએ કેનાલની અંદર અને બહાર મળી આવેલ મોબાઈલ ધારકની શોધખોળ હાથ ધરી છે.પરંતુ આ લખાય છે ત્યાં સુધી ફાયર બ્રિગેડની આ સંદર્ભે કોઈ સફળતા મળી નથી.- કિશોર દવે

# નેત્રંગમાં સી.સી.રોડના કામમાં ભ્રષ્ટાચારની બૂમ,નવિન રોડ દોઢ વર્ષમાં જ બન્યો ખખડધજ



નેત્રંગ જવાહર બજાર વિસ્તારના નવો બેનેલ સીસી રોડ દોઢ વર્ષના ટુંકા સમયમાં બિસ્માર અને ખખડધજ બની જતાં રોડ નિર્માણના થયેલ કામમાં વ્યાપક પણે ભ્રષ્ટાચાર થયો હોવાની સ્થાનિકોને પ્રતિતિ આજે સ્થાનિકો વિરોધ ઉપપ ઉતરી આવ્યા હતા.

નેત્રંગ ટાઉનના જવાહર બજાર વિસ્તામાં જિલ્લાં સાંસદ મનસુખ વસાવાની ગ્રાન્ટમાંથી રૂપિયા ૫૦ લાખ ફાળવણી અને ગ્રામ પંચાયત ની ૧૫મા નાણા પંચમાંથી રૂ.૨૦ લાખ મળી કુલ કિ.રૂ.૭૦ લાખના ખર્ચે ચાર રસ્તાથી ગ્રામ પંચાયત સેવા સદન સુધી ૭૦ લાખના ખર્ચે બનેલ આ સી.સી. રોડનું ખાત મુહૂર્ત સાંસદના હસ્તે મે - ૨૦૨૩ માં કરાયું હતું.

જે રોડ નિર્માણના દોઢેક વર્ષ બાદ આ સી.સી. રોડ અત્યંત બિસ્માર બનતા સ્થાનિકોએ વારંવાર ગ્રામ પંચાયતને અને અધિકારીઓ પદાધિકારીઓને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં છતાં કોઈ પણ જાતનું નિરાકરણ નહીં આવતા રોષે ભરાયેલા સ્થાનિકોએ જવાહર બજાર વિસ્તારમાં મોટી સંખ્યામાં સ્થાનિકો ભેગા થઈ અધિકારીઓ અને અને પદાધિકારીઓ ને સ્થળ પર બોલાવી વહેલી તકે આ રોડની સમસ્યાનું નિવારણ લાવવા માંગ કરવામાં આવી હતી.જે બાદ સ્થાનિક આગેવાન શેરખાન પઠાણ દ્વારા ભરૂચ જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર સાથે ટેલીફોનીક વાતચીત કરતા તા.૦૬/૦૧/૨૦૨૫ સુધી યોગ્ય નિરાકરણ લાવવા મૌખિક બાહેધરી આપતા લોકોનો રોષ શાંત થયો હતો.આગામી ૬ જાન્યુઆરી ૨૦૨૫ સુધી જો આ રોડનું નિરાકરણ નહી આવે તો નેશનલ હાઈવે બ્લોક કરવો, નેત્રંગ તાલુકા પંચાયત કચેરી, વાલિયા ડેપ્યુટી ઈજેનરની કચેરી અને ભરૂચ કાર્યપાલક ઈજનેરની કચેરીને તાળાબંધી કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.-પ્રતિક પ્રજાપતિ



# એશિયાઈ સિંહ સંરક્ષણમાં સૌરાષ્ટ્રના પ્રજાજનોનો પણ સિંહ ફાળો



## વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગને લોકો સહાયક બની આપી રહ્યા છે સહકાર

જૂનાગઢ વિશ્વમાં એશિયાઈ સિંહનું એક માત્ર નિવાસ સ્થળ "ગીર" છે. ગુજરાતનું ગૌરવ એશિયાઈ સિંહ સૌરાષ્ટ્રના ૨૦,૦૦૦ ચોરસ કિલો મીટર વિસ્તારમાં મુક્ત પણે પરિભ્રમણ કરે છે. જેના સંરક્ષણમાં વન વિભાગની સાથે સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ જ મોટો ફાળો રહેલો છે. સ્થાનિક લોકોના સહકારને કારણે આજે ગીર સંરક્ષિત વિસ્તાર, સિંહોની વસ્તીના સંરક્ષણ અને માનવીય પ્રભુત્વ ધરાવતી જગ્યા ઉપર પણ સિંહની વસ્તીમાં વધારો દર્શાવતી એક અદભુત વાત બની છે.આ અવિરત પ્રયાસનો લાભ લઈને સિંહો હવે જોખમની બહાર આવી ગયા છે, અગાઉ જ્યાંથી તેઓ નામશેષ થઈ ગયા હતા તેવા વિસ્તારોમાં પણ પોતાની વસાહતો પુનઃસ્થાપિત કરી છે. સિંહની અત્યાર સુધીની જીવન સફર ખરેખર ખૂબ જ કપરી રહી છે, પરંતુ જંગલના રાજા એશિયાઈ સિંહોએ કપરા સમયમાંથી ઉભરીને સિંહ પ્રજાતિ ખરેખર જંગલનો રાજા હોવાનું સાબિત કરી દીધું છે, તેથી જ ગીર જંગલ માત્ર પારસ્પરિક મહત્વતા નથી ધરાવતો પરંતુ તે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને નૈતિક મૂલ્યોની દ્રષ્ટિએ પણ ગુજરાતના લોકોના હૃદય સ્થાનમાં બિરાજે છે. જેનું જતન કરવું તે વન વિભાગના સ્ટાફની સાથે ગુજરાતની ગૌરવંતી પ્રજાની પણ ફરજ છે.જેથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોના વન વિભાગને સહકાર તથા સહાયક બનવા માટે જાણ કરવામાં આવે છે.

વન્ય પ્રાણી અવર જવર વાળા વિસ્તારોમાં ખેડૂતોને પાક રક્ષણ માટે ઈલેક્ટ્રીક શોક ન મૂકવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે. ઈલેક્ટ્રીક શોકના કારણે વન્ય પ્રાણીઓની સાથે સાથે ઘણી વખત તેમના કીંમતી પશુઓ તેમજ લોકોનો પણ ભોગ બનવો સામે આવેલ છે, માટે ખેતર ફરતે ઈલેક્ટ્રીક શોક ન મૂકવો જોઈએ. ઉપરાંત વન્ય પ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે જોખમ રૂપ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા જોઈએ.આ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા માટે ગુજરાત સરકારશ્રીની હાલમાં ચાલતી ખુલ્લા કુવા પારાપેટ હોલ બાંધી સુરક્ષિત કરવા અંગેની યોજના જેમાં ૯૦% સબસીડી સરકાર તરફથી આપવામાં આવે છે. જેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. રેવન્યુ વિસ્તારમાં પરપ્રાંતીય લોકો રહેતા હોય છે, જે મૂળ શિકારી પ્રવૃત્તિથી ટેવાયેલા હોય છે. આવા કોઈ શંકાસ્પદ કે શિકારી પ્રવૃત્તિઓ ધ્યાને આવે તો નજીકના વન વિભાગની કચેરી અથવા તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૭૮૯ અથવા ૧૯૨૬ પર સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક ગીર પશ્ચિમ વિભાગ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.કિશન બહેચા

# ડાકોર અને દ્વારકાધીશના મંદિરના દર્શન-આરતીના સમયમાં ફેરફાર



ગુજરાત પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર અને દ્વારકા ખાતે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળતી હોય છે, ત્યારે ધનુર્માસિનો પ્રારંભ થતા ડાકોર અને દ્વારકામાં ભગવાનના દર્શન કરવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

સવારે ૦૬:૧૫ વાગ્યે મંગળા આરતીના દર્શન

ધનુર્માસિનો પ્રારંભ થતા ડાકોરમાં ભગવાન રણછોડરાયજીના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સવારે ૦૬:૪૫ વાગ્યે થતી મંગળા આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. જેમાં હવે શ્રદ્ધાળુઓ સવારે ૦૬:૧૫ વાગ્યે મંગળા આરતીના દર્શન કરી શકશે. ધર્નુમાસ દરમિયાન રણછોડરાયજીને વિશેષ ખીચડીનો ભોગ ધરાવવામાં આવે છે.

દ્વારકાધીશના દર્શનના સમયમાં ફેરફાર પ્રસિદ્ધ દ્વારકાધીશ જગતમંદિર ખાતે ધનુર્માસિના ઉત્સવોમાં ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કરાયો હોવાથી ૧૯-૨૪ ડિસેમ્બર એટલે કે મંગળવાર અને ગુરુવારે સવારે ૦૫:૩૦ વાગ્યે મંગળા આરતી, ૧૦:૩૦ વાગ્યે અનોસર, સાંજે ૦૫:૦૦ વાગ્યે ઉત્થાપન અને ત્યારબાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે. જ્યારે જાન્યુઆરી ૨૦૨૫માં પણ ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ૦૭ અને ૦૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૦૫:૩૦ વાગ્યે મંગળા આરતી, ૧૦:૩૦ વાગ્યે અનોસર, સાંજે ૦૫:૦૦ વાગ્યે ઉત્થાપન અને ત્યાર બાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે.

# ગાંભોઈ નજીક ઈકો કારમાંથી ઈંગ્લિશ દારૂ ઝડપાયો




૩૧ ફસ્ટ ડીસેમ્બરને આડે હવે દસેક દિવસ જેટલો જ સમય બાકી રહ્યો છે.ત્યારે ૩૧ ફસ્ટની ઉજવણી માટે યુવાધન અત્યારથી જ હિલોડે ચડ્યું છે.ત્યારે ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાનમાંથી રતનપુર બોર્ડર થઈ ગુજરાતમાં ઘૂસાડવામાં આવતા ઈંગ્લિશ દારૂની હેરાફેરી ઉપર પણ સમગ્ર સાબારકાંઠા-અરવલ્લી જિલ્લાની સ્થાનિક પોલીસ થી લઈને વિવિધ એજન્સીઓ પણ સતર્ક થઈ છે.પ્રોહિબિશન વૉચ સઘન કરી છે.ત્યારે હિંમતનગર જિલ્લાના ગાંભોઈ નજીકથી બાતમીના આધારે ગાંભોઈ પોલીસે ઈંગ્લિશ દારૂ-બિયર ટીન નંગ ૧૨૦૦,જેની કિ.રૂ.૧ લાખ ૩૨ હજારના ઈંગ્લિશ દારૂ,ઈકો કાર સાથે કુલ રૂ.૪ લાખ ૩૨ હજારના મુદ્દામાલ સાથે અજય લક્ષ્મણ ખરાડી ઉ.વર્ષ ૨૮ રહે. શોભાયડા,તા.ભિલોડા વિરૂદ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનોં નોધી વધુ તપાસ પી.એસ.આઈ.આર.કે.ગજ્જર હાથ ધરી હોવાનું ગાંભોઈ પોલીસે જણાવ્યું હતું.

હિતેશ શાહ

# ગાંધીનગરના ચન્દ્રાલા ગામે દૂષિત પાણીથી રોગચાળો વકર્યો, ૨૫થી વધુ દર્દીઓ શંકાસ્પદ કમળાની ઝપેટમાં આવ્યા



ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર મહિનાથી દૂષિત પાણીની પાણીજન્ય રોગચાળો વકર્યો હોવાનું સામે આવ્યું છે. દૂષિત પાણીના કારણે ૨૫ થી વધુ દર્દીઓ શંકાસ્પદ કમળાની ઝપેટમાં આવી ગયા હતા. જે પૈકી છ દર્દીઓની તબિયત વધુ લથડતા તેમને ચન્દ્રાલા નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ચાર દર્દીઓને સારવાર આપી રજા આપી દેવામાં આવી હતી.ગાંધીનગરના ચન્દ્રાલા ગામમાં દૂષિત પાણીના કારણે પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત વચ્ચે ૨૫ થી વધુ દર્દીઓને શંકાસ્પદ કમળાની ઝપેટમાં આવી ગયા હતા. છેલ્લા ત્રણ ચાર મહિનાથી ગ્રામજનોમાં દૂષિત પાણીની ફરીયાદો ઉઠી હતી. એવામાં દૂષિત પાણીના કારણે એક પછી એક ૨૫ થી વધુ દર્દીઓમાં શંકાસ્પદ કમળાના રોગની ઝપેટમાં આવી ગયા હતા.જેનાં પગલે શંકાસ્પદ દર્દીઓને ચન્દ્રાલા નજીકનાં આરોગ્ય કેન્દ્ર - સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી હતી.

# ખાદ્ય ખોરાક એક્ઝિબિશનમાં અણઘડ આયોજનને કારણે સેક્ટર-૧૭ને બાનમાં લીધું હોય તેવી સ્થિતિ



શહેરના સેક્ટર ૧૭ એક્ઝિબિશન સેન્ટરમાં ખાદ્ય ખોરાકનું ચાર દિવસીય એક્ઝિબિશનનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આજે ગુરુવારે પહેલા જ દિવસથી એક્ઝિબિશનની વિપરીત અસર સેક્ટર ૧૭ ખાતે રહેતા લોકો ઉપર પડવાની શરૂ થઇ ગઇ છે. એક્ઝિબિશન જોવા માટે આવતા મુલાકાતીઓ દ્વારા વસાહતિઓના ઘરની આગળ જ વાહનોનો ખડકલો કરવામાં આવતા પારાવાર યાતનાઓ શરૂ થઇ ગઇ છે. જે આગામી ચાર દિવસ સુધી સહન કરવી પડશે. આયોજકોના અણઘડ આયોજનને કારણે રહિશો માટે સમસ્યા સર્જાઇ છે.

ગાંધીનગર શહેરના મધ્યમાં સેક્ટર ૧૭ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે એક્ઝિબિશન સેન્ટર બનાવવામાં આવ્યા બાદ શહેરીજનો અને ખાસ કરીને સેક્ટર ૧૭ના નાગરિકોને પારાવાર યાતનાઓ સહન કરવી પડે છે. એક્ઝિબિશન સેન્ટરમાં અનેક લોકો પોતાના ધંધાનો પ્રચાર પ્રસાર કરવા આવતા હોય છે. જેની મુલાકાત પણ લાખો લોકો કરતા હોય છે. ત્યારે એક્ઝિબિશન સેન્ટર મોટુ અને મુલાકાતીઓની સંખ્યા વધારે હોવાથી પાર્કિંગના પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. મુલાકાત લેવા આવતા મુલાકાતીઓને સંચાલકો દ્વારા પાર્કિંગની યોગ્ય માહિતી નહિ આપતા હોવાના કારણે આડેધડ વાહનોનો ખડકલો થતો જોવા મળે છે.

ખાદ્ય ખોરાક એક્ઝિબિશનના પહેલા દિવસે સેક્ટર ૧૭ના નાગરિકોને અનુભવ થવા લાગ્યો હતો. મુલાકાતે આવતા વાહન ચાલકો પોતાના વાહનો ઘર આગળ પાર્ક કરીને જતા રહેતા હતા. તે ઉપરાંત બાજુમાં આવેલા શોપિંગ સેન્ટરમાં દુકાનો આગળ વાહનો પાર્ક કરવામાં આવતા રોડની બંને બાજુમાં વાહનોની લાઇનો જોવા મળતી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા સેક્ટરમાં રોડ સાઇડમાં મુકવામાં આવતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી રહી હતી.

અગાઉ પણ અનેક એક્ઝિબિશન સમય દરમિયાન સ્થાનિક વસાહતિઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ત્યારે આ યાતનામાંથી નાગરિકોને કાયમ માટે બહાર કાઢવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. શહેરના સેક્ટર ૧૭ એક્ઝિબિશન સેન્ટરમાં ખાદ્ય ખોરાકનું ચાર દિવસીય એક્ઝિબિશનનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આજે ગુરુવારે પહેલા જ દિવસથી એક્ઝિબિશનની વિપરીત અસર સેક્ટર ૧૭ ખાતે રહેતા લોકો ઉપર પડવાની શરૂ થઇ ગઇ છે. છાશવારે યોજાતા એક્ઝિબિશનના કારણે સામાન્ય નાગરિકોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

# પાટણમાં ઠંડીની જમાવટ :લોકોએ શાલ અને તાપણાંનો સહારો લીધો, લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું





પાટણમાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. જેના કારણે લોકોને દિવસ દરમ્યાન પણ સ્વેટર, જાકીટ, ગરમ ટોપી, મફલર, દુપટ્ટા સહિત ગરમ વસ્ત્રો પહેરી રાખવાની ફરજ પડી રહી છે.તો બીજી તરફ ગરમ કપડાં ની ખરીદી પણ જામી છે.તો પાટણ માં ડિગ્રી વધતાં તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું છે .તો દિવસનું તાપમાનમાં આવેલા ઘટાડા બાદ પારો ૨૭ ડિગ્રીની વચ્ચે રહશે.

વહેલી સવારે ફુલ ગુલાબી ઠંડીના કારણે વાતાવરણ શાત અને રોડ રસ્તા પર ચહલ પહલ હળવી જોવા મળે છે, તો બીજી તરફ દિવસ દરમ્યાન પણ ઠંડી અનુભવાતી હોઈ સૂર્યનો તડકો મીઠો લાગતો હોઈ લોકો સૂર્યના તડકાના સહારે ઠંડી સામે રક્ષણ મેળવતા જોવા મળી રહ્યા છે..તો લોકો ચા ની ચુસ્કી લગાવતા જોવા મળ્યા હતા.

શિયાળાની જમાવટ થતાં ઠંડીનો ચમકારો વર્તાતા ગરમ વસ્ત્રોની ખરીદીના બજારમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. પાટણ સહિત જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધતાં જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે તો આવી ઠંડી ખેતીના પાકો માટે લાભ દાયક હોવાનું પણ જાણવા મળ્યું હતું.

# જન્મના પ્રમાણપત્રમાં સુધારો કરવા અરજદારોનો ઘસારો

ઊંઝા નગરપાલિકા ખાતે આવેલ જન્મ મરણ વિભાગ ખાતે અપર કાર્ડની યોજનામાં જન્મ પ્રમાણપત્રમાં સુધારો કરવા માટે અરજદારો આવી રહ્યા છે. જેને લઇ અરજદારોની લાંબી કતારો લાગી હતી. જેમાં દૈનિક ૧૫૦ ઉપરાંત અરજદારોના પ્રમાણપત્રમાં સુધારો કરી જન્મના દાખલા લઈ રહ્યા છે. પાલિકાનાં જન્મ મરણ વિભાગ દ્વારા બે દિવસમાં ૫૫૦ જેટલા જન્મના પ્રમાણપત્રમમાં સુધારો કરી આપવામાં આવ્યો છે.શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે અપારકાર્ડની યોજના અમલમાં મુકી છે. આ યોજના અંતર્ગત આધારકાર્ડ અને જન્મના પ્રમાણપત્રમાં એક સરખું નામ હોવું જરૂરી છે. જેને લઇ ઊંઝા પાલિકા ખાતે આધારકાર્ડ અને ઈકેવાયસીના કારણે જન્મના પ્રમાણપત્રમાં સુધારો કરાવવા દૈનિક ૧૫૦ ઉપરાંત અરજદારો આવતા ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. ઊંઝા પાલિકાના જન્મ મરણ વિભાગના કર્મીઓ દ્વારા દૈનિક ૧૫૦ ઉપરાંત જન્મના પ્રમાણપત્રમાં સુધારો કરી અરજદારોને આપવામા આવી રહ્યાં છે.

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697